સ્વાતિ
SWATI
Society for Women's Action and Training Initiative


**ઓફીસ :**

(૧) સામર્થ્ય, ૬૫-૬૭, જીઆઈડીસી એસ્ટેટ,
સુરેન્દ્રનગર રોડ, ધ્રાંગધ્રા ૩૬૩ ૩૧૦
ફોન : ૯૧-૨૭૫૪-૨૮૧૩૩૮

(૨) એ-૬૦૨, સીમંધર ટાવર,
સીમંધર જૈન દૈરાસરની પાસે,
જજીસ બંગલો રોડ, બોડકદેવ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૪.
ફોન : ૯૧-૭૯-૨૬૮૫૭૮૫૯

(૩) બી-૨, સનશાઈન એપાર્ટમેન્ટ,
ડો. એસ. રાધાકૃષ્નન માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : ૯૧-૭૯-૨૬૩૦૧૬૧૦

Email : swatiorg.gujarat@gmail.com


# સ્ત્રીઓ સાથે થતી હિંસા અટકાવવા ગ્રામ પંચાયતની ભૂમિકા



સંપાદન અને લખાણ : ***પૂનમ કથુરીયા***
ડીઝાઈન અને લેઆઉટ : આશ્કા ચાવડા, પૂનમ કથુરીયા
મુદ્રક : મોતી એન્ટરપ્રાઈઝ
સહયોગ રાશી : રૂા.૮૦/-


# પ્રસ્તાવના

આપણા સમાજમાં આજે પણ સ્ત્રીઓ અને છોકરીઓને ઉતરતા દરજ્જાની ગણવામાં આવે છે.
અત્યાચાર, ભેદભાવ અને અન્યાયોથી માત્ર સ્ત્રીઓ અને છોકરીઓને જ નુક્શાન નથી થતું પરંતુ તેની અસર આખા કુટુંબ અને સમાજ પર દર્શાય છે. સ્ત્રીઓ સામે જાહેર ક્ષેત્રમાં અને કુટુંબમાં થતી હિંસા, એ જાતિ આધારિત અસામનતાનું સૌથી મોટુ દુષણ અને અન્યાય છે. આ હિંસા તમામ સ્ત્રી જાતિ પર (જ્ઞાતિ અને વર્ગના ભેદભાવ વગર) આચરવામાં આવે છે.

આપણા દેશમાં સ્ત્રીઓ સામે થતી હિંસા અટકાવવા માટેના ઘણા કાયદા છે. પરંતુ સ્ત્રી હિંસાનું પ્રમાણ તે પછી ઘરમાં હોય કે જાહેર ક્ષેત્રમાં, તે વધતું જ જાય છે. આનું કારણ છે કે કાયદો કોઇ દિવસ સામાજિક વલણોમાં બદલાવ ના લાવી શકે. સામાજિક બદલાવ લાવવા માટે જરૂરી છે કે સમાજમાં નેતૃત્વ ધરાવતા લોકો એટલે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ મુદ્દે આગેવાની લે. તેથી ગ્રામ પંચાયતે સ્ત્રી હિંસાના મુદ્દાનો પોતાની ભૂમિકામાં સમાવેશ કરવો જોઇએ. પંચાયત દ્વારા લીધેલા પગલાં લોક જાગૃતિ અને વ્યવસ્થાના સ્વરૂપમાં હોઇ શકે.

સ્વાતિ - સ્ત્રી વિકાસ અને તાલીમ સંસ્થા, છેલ્લા દસ વર્ષથી મહિલાઓ સામે થતી હિંસા અટકાવવાના પ્રયાસમાં સક્રીય છે. અમે માનતા થયા છીએ કે જ્યાર સુધી હિંસાને જાહેર હિત અને શાસન વ્યવસ્થાના મુદ્દા તરીકે જોવામાં નહી આવે ત્યાર સુધી તે અટકશે નહી.

આ પ્રકાશન ગ્રામપંચાયતોની મહિલા હિંસા અટકાવવા માટેની ભૂમિકા શ્રેણીમાં પહેલુ છે અને ખાસ કૌટુંબિક હિંસા અટકાવવામાં પંચાયતની ભૂમિકાને સંબોધે છે. આશા છે કે આ શ્રેણી પંચાયતો અને મહિલાઓનાં મુદ્દે કાર્યશીલ સંસ્થાઓ ને ઉપયોગી રહેશે.

# હું છું:
# લોક રાજ
# સ્વરાજ
# સુરાજ



## હું છું:
## પંચાયતી રાજ

આપણાં દેશની ત્રિ-સ્તરીય શાસન વ્યવસ્થા એટલે કે, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને પંચાયતી રાજ (જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત).

ગ્રામ પંચાયત આમાંની સૌથી પાયાની અને મહત્ત્વની કડી છે.

ગામમાં સુખ, શાંતિ અને નીતિ જળવાઈ રહે તે પંચાયતનું મુખ્ય કામ છે.



શું સ્ત્રીઓ સામે થતી હિંસા એ ગ્રામ પંચાયતની ફરજમાં આવતો મુદ્દો છે ? આજે તો મારે પણ આ પ્રશ્નનો જવાબ હા.... માં જ આપવો પડશે. સાચું કહું તો હવે મારી દ્રષ્ટી જ બદલાઈ ગઈ છે. ગ્રામ પંચાયતને ફક્ત પાણી, વિજળી, ઉકરડાની સફાઈ વ્યવસ્થાનું જ કામ નથી, પરંતુ ગામમાં રહેતા તમામ લોકો શાંતિ અને સલામતી અનુભવે તે જોવાની ફરજ પણ ગ્રામ પંચાયતની જ છે.

ચાલો આપણે આ બાબતને સમજીએ...



મહિલાઓ પર થતી હિંસા આપણાં સમાજનું કડવું સત્ય છે. સૌથી વધુ પ્રમાણમાં આ હિંસા સ્ત્રીના પોતાના કુટુંબ દ્વારા જ આચરવામાં આવે છે. સ્ત્રીનું પોતાનું ઘર જ્યાં તેને સલામતી, હુંફ અને પ્રેમ મળવો જોઈએ ત્યાં જ તેમની સાથે સૌથી વધુ અન્યાય થાય છે. ઘરની અંદર થતી સ્ત્રી હિંસાને કોઈ અટકાવતું નથી અને તે ચાલુ રહે તેની પાછળ આપણી સમાજ વ્યવસ્થા અને તેની વિચારધારાના કારણો જવાબદાર છે.



**પહેલું** કારણ તો એ કે પુરુષ જ્યારે સ્ત્રીને મારે છે ત્યારે કાયદામાં ભલે તે ગુનો ગણાય પણ સમાજ તેને ગુનો ગણતો નથી એટલે કે, તેનો સ્વીકાર કરે છે.

**બીજું** કારણ, સ્ત્રીઓ તેમની સાથે થતી હિંસા સામે અવાજ ઉઠાવતી નથી કારણ કે તેમને નાનપણથી જ સહન કરવાનું શીખવવામાં આવે છે.

**ત્રીજું** કારણ, સ્ત્રીઓનું ઓછું શિક્ષણ, બહારની દુનિયાની ઓછી સમજ, સંપત્તિના અધિકારથી વંચિતતા અને સૌથી મોટી બાબત, સમાજમાં દિકરી પ્રત્યેનો અણગમો અને પુત્ર માટેની લાલસા.





આ તમામ બાબતો આપણાં સમાજમાં સ્ત્રીને લાચાર બનાવે છે અને તેને હિંસા સહન કરતા રહેવા માટે મજબૂર કરે છે.

જો આપણાં જ ગામની સ્ત્રીઓ સાથે તેમના જ કુટુંબીઓ દ્વારા ઘરની અંદર જ મારઝૂડ થતી હોય તો એ ગામમાં શું સુખ સલામતી કહેવાય ? ગામમાં સુશાસન ત્યારે જ આવશે જ્યારે આપણાં ગામની અડધો અડધ વસ્તી એટલે કે સ્ત્રીઓ પણ સુરક્ષિત અને સુખી જીવન જીવી શકે.

તેથી જ આપણે સ્ત્રીઓ સામે થતી હિંસાને ગ્રામ પંચાયતો માટે શાસનનો મુદ્દો બનાવવો પડશે. જો આપણે આમ કરી શકીશું તો જ આપણે ખરેખર સામાજિક ન્યાય કર્યો ગણાશે, તો જ સુશાસન કર્યું ગણાશે...

## આપણે આ માટે શું કરી શકીએ ?





આપણાં સમાજમાં સ્ત્રીઓ સામેની હિંસાની શરૂઆત ગર્ભમાંથી થાય છે અને જીવનભર ચાલુ રહે છે. જાતિ પરીક્ષણ કરાવીને બાળકી ભ્રુણનું ગર્ભપાત કરવામાં આવે છે. બાળકી સાથે પોષણ અને સ્વાસ્થ્ય સંબંધિત ભેદભાવ રાખવામાં આવે છે.

સ્ત્રીઓ અને બાળકી માટેની પરંપરાથી ચાલતી જૂની રૂઢીઓ આજના સમયમાં પણ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ રહે છે.

કિશોરાવસ્થામાં છોકરીઓ અને સ્ત્રીઓ રસ્તા પર, મુસાફરી દરમ્યાન કે અન્ય સાર્વજનિક સ્થળો પર અશ્લીલ ટીપ્પણીઓ અને અન્ય પ્રકારની જાતીય સતામણીનો ભોગ બનતી હોય છે.

કામના સ્થળે, ઓફિસ, ખેતર અને મજૂર કામ દરમિયાન સ્ત્રીઓને અલગ અલગ રીતે જાતીય શોષણનો ભોગ બનાવવામાં આવે છે. કેટલીક સ્ત્રીઓને બળજબરી પૂર્વક દેહ વ્યાપારમાં ધકેલવામાં આવે છે.







ઘરની અંદરની મારઝૂડ, દહેજ મૃત્યુ, પતિ દ્વારા ઈચ્છા વિરૂદ્ધ જાતીય સંબંધ, એ સ્ત્રીઓ સાથે થતી રોજબરોજની બાબત છે.

એકલ, વિધવા અને અપરણિત સ્ત્રીઓ પણ શારીરિક, માનસિક અને જાતીય શોષણનો ભોગ બને છે. ઘણીવાર ઘરની મોટી ઉંમરની સ્ત્રીઓ તેમનાં સ્થાયી મિલ્કત અને નાણાંકીય અધિકારો જતા કરે તે માટેનું દબાણ નાની-યુવાન પેઢી કરે છે.

આશ્રય ગૃહો, રીમાન્ડ હોમ અને જેલોમાં સ્ત્રીઓ પર થતા જાતીય હુમલા અને શોષણ સામે કોઈ સવાલ ઉઠાવતું નથી. કોમી રમખાણ અને હુલ્લડો દરમ્યાન સ્ત્રીઓ પર થતા બળાત્કાર એક સામાન્ય બાબત બની ગઈ છે.

કાયદાઓ અને સરકારી નીતિઓ, જેઓ સ્ત્રીઓ સામેના ભેદભાવ અને અસમાનતાઓને વેગ આપે છે તે પણ પરોક્ષ રીતે હિંસાનો જ ભાગ છે, જેની સામે સ્ત્રીઓ ઝઝૂમી રહી છે.



## ‘દિકરા જન્મે પેંડા વહેચાય, દીકરી જન્મે જલેબી
## વિચાર્યુ ના કંઈ આપણે શાને આ ભેદભાવ રખાય’

અત્યાર સુધી ઘરમાં સ્ત્રીઓ સામે થતી હિંસાને બહુ મોટા મુદ્દા તરીકે જોવામાં આવતો ન હતો કારણ કે તે ઘરની ચાર દિવાલોની અંદર થાય છે અને પોતાના પર થતી હિંસાની વાત સ્ત્રીઓ ખૂબજ ઓછી બહાર પાડે છે. પરંતુ, છેલ્લા દસ વર્ષમાં સ્ત્રીઓ સામે થતી હિંસા અને તેના પ્રમાણ વિશે સજાગતા વધી છે અને સવાલ ઉઠી રહ્યો છે કે શું ઘરમાં થતી હિંસા ફક્ત સ્ત્રીઓનો જ પ્રશ્ન છે ?

### કેટલાક તથ્યો..







ગુજરાતમાં ૨૦૦૧ થી ૨૦૦૮ દરમ્યાન પોલીસના ચોપડે સ્ત્રી હિંસાના કુલ ૧,૦૫,૧૬૬ બનાવો નોંધાયા છે. પોલીસ ચોપડે ન નોંધાયેલ હિંસાનું પ્રમાણ આનાથી ઘણું વધારે હશે.

૨૦૦૧ ની વસ્તી ગણતરીના આંકડા મુજબ ગુજરાતમાં છ વર્ષની ઉંમરના બાળકોમાં છોકરાઓની સરખામણીમાં ૪,૪૫,૯૬૫ છોકરીઓ ઓછી છે.

રાષ્ટ્રીય કુટુંબ સ્વાસ્થ્ય અભ્યાસ ૨૦૦૭ પ્રમાણે ગુજરાતની ૨૬.૪ ટકા સ્ત્રીઓએ જણાવ્યું કે છેલ્લા એક વર્ષ દરમ્યાન તેમના ઉપર પતિ દ્વારા મારઝૂડ કરવામાં આવી હતી.

મારઝૂડ સહન કરતી ફક્ત ત્રીજા ભાગની સ્ત્રીઓ હિંસા અટકાવવા કોઈની (કુટુંબી, મિત્ર, સંસ્થાઓ અથવા પોલીસની) મદદ લે છે. જ્યારે ૫૮% સ્ત્રીઓ કોઈને પણ જાણ કરતી નથી અથવા મદદ લેતી નથી.



સ્ત્રીઓ સામે થતી હિંસા ફક્ત તેમનો અંગત પ્રશ્ન નથી. તે આપણાં સૌની સમસ્યા એટલે કે સાર્વજનિક હીતનો મુદ્દો છે.

હિંસાથી થયેલ ઈજા અને માંદગીના કારણે સ્ત્રીઓ એક વર્ષમાં ૩૦ થી ૪૦ દિવસની રોજી ગુમાવે છે. આ ખોટ ફક્ત એ સ્ત્રી અને કુટુંબનીજ નથી પરંતુ આખા સમાજની છે.

હિંસા અને તેના કારણે થતી શારીરિક અને માનસિક ઈજા, સ્વાસ્થ્ય સેવાઓ પરનો ખર્ચ આપણાં સહુ નાગરિકો દ્વારા વહન કરવામાં આવે છે. તેથી તેને અટકાવવાની કે દૂર કરવાની જવાબદારી શાસન વ્યવસ્થા કરનારાઓ એટલે કે ગ્રામ પંચાયતોની બને છે. આ બાબતને વધુ સારી રીતે સમજીએ.







## જરા વિચારો...

જો આપણાં ગામમાં એક વ્યક્તિને મલેરીયા થાય તો તેની સારવાર લઈ સાજા થવાની જવાબદારી તે વ્યક્તિની છે. પણ જો ગામના અડધાથી વધારે કુટુંબોના ઘરમાં મલેરીયાના ખાટલા હોય તો તે સમયે તેને દૂર કરવાના ઉપાયો કરવાની જવાબદારી ગ્રામ પંચાયત અને સરકારની બને છે. તેજ રીતે જો આટલી મોટી સંખ્યામાં સ્ત્રીઓ પર હિંસા આચરાતી હોય તો તેને અટકાવવાની જવાબદારી ગામમાં શાસન વ્યવસ્થા કરનારાઓ એટલે કે ગ્રામ પંચાયતોની બને છે. પંચાયતો માટે આ ધારા ધોરણ બહારની વાત નથી.

ગામમાં મહિલાઓ સામે થતી હિંસા અટકે તે માટે યોગ્ય પગલાં લેવા, તે બાબત આપણાં બંધારણમાં અને ગુજરાત પંચાયતી ધારામાં પણ જણાવેલ છે.

બંધારણના ૭૩માં અને ૭૪માં સુધારામાં પંચાયત એક્ટ હેઠળ ગ્રામ સ્તરે ૨૯ ક્ષેત્રોની સંભાળ લેવાની સત્તા પંચાયતને આપવામાં આવી છે. સ્ત્રી અને બાળ વિકાસ અને તેઓની સામે થતી હિંસા આ ૨૯ વિષયોમાંનો એક છે. પરંતુ સમાજ જે રીતે સ્ત્રીઓની અવગણના કરે છે તેમ ગ્રામ પંચાયતો દ્વારા પણ સ્ત્રી વિકાસ અને ખાસ કરીને સ્ત્રીઓ સામે થતી હિંસાના મુદ્દાઓની અવગણના કરવામાં આવે છે. તેમના દ્વારા તે માટેની જોઈતી ભૂમિકા ભજવવામાં આવતી નથી.





## પંચાયતી રાજની કેટલીક કાયદાકીય જોગવાઈઓ...



ગુજરાત પંચાયતી ધારાની કલમ ૧૦૨ પ્રમાણે :

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૦૭૪ કલમ ૨૦૦૨ હેઠળ મેજીસ્ટ્રેટ દ્વારા 'સ્થાનિક તપાસ કરવી' તેવા આદેશમાં ગ્રામ પંચાયતનો સમાવેશ થયેલ છે.

ફોજદારી કાર્ય સંહિતાના કલમ ૧૨૫ પ્રમાણેની ભરણ પોષણની અરજીમાં આવકની બાબતમાં ચકાસણી કરવા ન્યાયાધીશ તપાસ માટે મોકલે તો પંચાયતે પોતાનો અભિપ્રાય મોકલવો.

અને જો, કોઈ પંચાયત આનો અમલ ના કરે તો જિલ્લા પંચાયત કલમ ૨૫૨(૧) અન્વયે પંચાયત પાસે તેનો અમલ કરાવી શકશે.

ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫ ના સંદર્ભમાં જો કોર્ટ પંચાયતને આદેશ આપે અથવા તો સુરક્ષા અધિકારી પંચાયતની મદદ માંગે તો તપાસમાં મદદ કરવાની ફરજ પંચાયતની રહેશે.



## ગ્રામ પંચાયત
## અન્ય શું કરી શકે:

ગ્રામ પંચાયત ગામમાંથી વોર્ડ પ્રમાણે ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંસ્થા છે. પંચાયતના સભ્યો ગામમાં માન અને પ્રભાવ ધરાવતા લોકો છે. તે જોતાં પોતાના ગામમાં હિંસા અટકાવવામાં ઉપર જણાવેલ ફરજો સિવાય પણ તેઓ ખૂબજ પ્રભાવશાળી ભૂમિકા ભજવી શકે છે.

- સૌથી પહેલા દરેક સભ્ય પ્રતિજ્ઞા લે કે, હું પોતે હિંસા કરતો અટકીશ અથવા મારા ઘરની સ્ત્રી સામે થતી હિંસા અટકાવીશ.
- પંચાયતના સભ્યો સ્ત્રીઓ સામે થતી હિંસાની ચર્ચા ગ્રામસભામાં કરે અને તેને અટકાવવા તેઓ કટિબધ્ધ રહેશે તેવું જાહેર કરે.



- ગ્રામ પંચાયત સ્ત્રીઓ સામે થતી હિંસાને વખોડે છે અને તે આને અટકાવવામાં પ્રયત્નશીલ રહેશે તેવો ઠરાવ ગ્રામસભામાં પસાર કરે.
- ગ્રામ પંચાયતની ઓફીસમાં અને ગામમાં જાહેર સ્થળો પર હિંસા વિરોધી સુત્રો લખે.
- ગામમાં મહિલા હિંસાના મુદ્દે વોર્ડવાઈઝ દેખરેખ કમિટિની સ્થાપના કરે અને કમિટિમાં સ્ત્રી અને પુરુષ બંને હોય તેવું સુનિશ્ચિત કરે. આ કમિટિના સભ્યોના નામ જાહેર સ્થળે લખે અને ઘોષણા કરે.
- જો કોઈ બહેન સાથે હિંસા થયાની જાણ પંચાયતને થાય છે તો, તરત જ કુટુંબનો સંપર્ક કરી હિંસા અટકાવવા સમજાવે.
- જો સમજાવવાથી ના માને અને બહેનની પણ તૈયારી હોય તો તે વિસ્તારની મહિલા સંસ્થાનો સંપર્ક કરી તેઓની મદદ લે.



| ક્રમ | ગુનાઓ | કાયદાની જોગવાઈ - ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ | ફરીયાદ કોણ દાખલ કરી શકે | ફરીયાદ કયાં દાખલ કરી શકાય |
|---|---|---|---|---|
| ૧ | **બળાત્કાર** | કલમ ૩૭૫-૭૬ પ્રમાણે, સાત વર્ષથી આજીવન કેદ સુધીની સજા અને દંડ | - ભોગ બનનાર વ્યક્તિ પોતે<br>- ભોગ બનનાર વ્યક્તિ, વ્યક્તિના માતા-પિતા તથા સંબંધી, એટલે કે તેની સાથે લોહીની સગાઈ ધરાવતા વ્યક્તિ | - પોલીસ સ્ટેશનમાં<br>- પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લેવાની ના પાડે તો જિલ્લા પોલીસના વડા પાસે ફરીયાદ નોંધાવી શકાય<br>- જિલ્લા પોલીસના વડા ફરીયાદ લેવાની ના પાડે તો કોર્ટમાં ફરીયાદ નોંધાવી શકાય |
| ૨ | **છેડતી, જાતિય સતામણી** | કલમ ૩૫૪ પ્રમાણે, એક વર્ષ સુધીની સજા અને દંડ | - ભોગ બનનાર વ્યક્તિ પોતે<br>- ભોગ બનનાર વ્યક્તિના માતા-પિતા તથા સંબંધી એટલે કે તેની સાથે લોહીની સગાઈ ધરાવતા વ્યક્તિ | - પોલીસ સ્ટેશનમાં<br>- પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લેવાની ના પાડે તો જિલ્લા પોલીસના વડા પાસે ફરીયાદ નોંધાવી શકાય<br>- જિલ્લા પોલીસના વડા ફરીયાદ લેવાની ના પાડે તો કોર્ટમાં ફરીયાદ નોંધાવી શકાય |
| ૩ | **દહેજ સંબંધિત ત્રાસ અને મૃત્યુ** | કલમ ૩૦૪(ખ) પ્રમાણે, સાત વર્ષ સુધીની સજા અને દંડ | - કોઈપણ દહેજ પિડીત વ્યક્તિ<br>- કોઈપણ દહેજ પિડીત વ્યક્તિના માતા-પિતા તથા સંબંધી<br>- કોઈપણ પોલીસ અધિકારી | - જ્યા સ્ત્રી હોય ત્યાં ફરીયાદ કરી શકાય<br>- જ્યાં મિલ્કત અપાયેલી હોય અને મેળવી હોય ત્યાં એટલે કે જ્યાં ગુનો બન્યો હોય ત્યાં ફરીયાદ દાખલ કરી શકાય |
| ૪ | **આપઘાતનું દુષ્પ્રેરણા** | કલમ ૩૦૬ પ્રમાણે, દસ વર્ષ સુધીની કેદ અને દંડ | - ભોગ બનનાર વ્યક્તિ પોતે<br>- ભોગ બનનાર વ્યક્તિના માતા-પિતા તથા સંબંધી એટલે કે તેની સાથે લોહીની સગાઈ ધરાવતા વ્યક્તિ | - પોલીસ સ્ટેશનમાં<br>- પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લેવાની ના પાડે તો જિલ્લા પોલીસના વડા પાસે ફરીયાદ નોંધાવી શકાય<br>- જિલ્લા પોલીસના વડા ફરીયાદ લેવાની ના પાડે તો કોર્ટમાં ફરીયાદ નોંધાવી શકાય |











| ક્રમ | ગુનાઓ | કાયદાની જોગવાઈ - ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ | ફરીયાદ કોણ દાખલ કરી શકે | ફરીયાદ કયાં દાખલ કરી શકાય |
|---|---|---|---|---|
| ૫ | **અપહરણ** | કલમ ૩૬૬ પ્રમાણે, દસ વર્ષ સુધીની કેદ અને દંડ | - ભોગ બનનાર વ્યક્તિના માતા-પિતા તથા સંબંધી, એટલે કે તેની સાથે લોહીની સગાઈ ધરાવતા વ્યક્તિ તેમજ સગા સંબંધી | - પોલીસ સ્ટેશનમાં<br>- પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લેવાની ના પાડે તો જિલ્લા પોલીસના વડા પાસે ફરીયાદ નોંધાવી શકાય<br>- જિલ્લા પોલીસના વડા ફરીયાદ લેવાની ના પાડે તો કોર્ટમાં ફરીયાદ નોંધાવી શકાય |
| ૬ | **શારીરિક અને માનસિક ત્રાસ** | કલમ ૪૯૮(ક) પ્રમાણે, ત્રણ વર્ષથી વધુ કેદ અને દંડ | - અત્યાચારનો ભોગ બનેલી મહિલા પોતે<br>- તેની સાથે લોહીની સગાઈ ધરાવતા વ્યક્તિ<br>- દત્તક સંબંધથી જોડાયેલા ભાઈ-બહેન, માતા-પિતા, પુત્ર-પુત્રી | - જે સ્થળે ગુનો બન્યો હોય તે વિસ્તારના પોલીસ<br>- જો પોલીસ ફરીયાદ લેવાની ના પાડે તો ઉપરી પોલીસ અધિકારી અથવા જિલ્લા પોલીસના વડા પાસે<br>- જિલ્લા પોલીસના વડા ફરીયાદ લેવાની ના પાડે તો કોર્ટમાં ફરીયાદ નોંધાવી શકાય |
| ૭ | **પતિ અથવા પત્નીની હયાતીમાં ફરી લગ્ન કરવા** | કલમ ૪૯૪ પ્રમાણે, ત્રણ વર્ષથી વધુ સજા અને દંડ | - ભોગ બનનાર પ્રથમપત્ની અથવા પતિ | - પોલીસ સ્ટેશનમાં<br>- પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લેવાની ના પાડે તો જિલ્લા પોલીસના વડા પાસે ફરીયાદ નોંધાવી શકાય<br>- જિલ્લા પોલીસના વડા ફરીયાદ લેવાની ના પાડે તો કોર્ટમાં ફરીયાદ નોંધાવી શકાય |



## હિંસા શેને કહીશું ?

કોઈ પણ અન્યાય અથવા શોષણ અથવા અવરોધ જે તે વ્યક્તિને શારીરિક, આર્થિક અને માનસિક ઈજા પહોંચાડે અથવા તો તેના ખુશ અને સ્વસ્થ જીવન જીવવાની પ્રક્રિયામાં અવરોધ બને તેને હિંસા કહેવાય છે. એટલે કે માત્ર શારિરીક મારઝૂડ જ નહિ, પરંતુ માનસિક ત્રાસ, મ્હેણાં-ટોણાં, ઉછેરમાં ભેદભાવ (ખાનપાન, શિક્ષણ, હલન-ચલન) વગેરે જે તમામ બાબતો સ્ત્રી સાથે અન્યાય કરે છે અને તેની પ્રગતિમાં બાધા બને છે તેને હિંસા કહીશું.



## હિંસાના પ્રકારો

**શારીરિક હિંસાઃ** મારપીટ, થપ્પડ મારવી, ધક્કો મારવો, બટકું ભરવું, લાત મારવી, ધબ્બો મારવો, ભટકાડીને મારવું, ઠોકર મારવી, અથવા કોઈ અન્ય રીતે શારીરિક દુઃખ પહોંચાડવું.

**મૌખિક અને ભાવનાત્મક હિંસાઃ** કલંક લગાવવું, નિંદા કરવી, મજાક ઉડાવવી, દહેજ વગેરે માટે અપમાનિત કરવું, બાળકો ન થયા હોય તે માટે મ્હેણાં મારવા, શિક્ષામાં અવરોધ નાંખવો, નોકરી કરવા માટે રોકવું, બહાર જતા રોકવું, કોઈ વ્યક્તિને મળવાથી રોકવું, પોતાની પસંદગીની વ્યક્તિ સાથે લગ્ન કરવા અથવા ન કરવાનું દબાણ નાંખવું વગેરે.

**આર્થિક હિંસાઃ** ખાવા, કપડાં, દવા વગેરેના ખર્ચ માટે પૈસા ન આપવા તેમજ તેનો ઉપયોગ કરવા ન દેવો, ઘરનું ભાડું ન આપવું, ઘરમાં ન રહેવા દેવું, ઘરના કોઈ ભાગમાં ન જવા દેવું, નોકરી ન કરવા દેવી, વેતન અથવા મજુરી છીનવી લેવી, પુછ્યા વગર સ્ત્રી ધન અથવા અન્ય કોઈ વસ્તુ વેચી દેવી, બીલોનું ચૂકવણું ન કરવું વગેરે.

**યૌનિક હિંસાઃ** બળાત્કાર, અશ્લીલ સાહિત્ય અને સામગ્રી દેખાડીને મજબૂર કરવા, સ્ત્રીઓનો તેની ઈચ્છા વિરુધ્ધ મનોરંજન માટે ઉપયોગ કરવો, યૌનિક દુર્વ્યવહાર કરવો.



## સ્વાતિ પરિચય

સ્વાતિ સંસ્થા ગુજરાતમાં મહિલાઓના સામાજીક આર્થિક અને રાજકીય વિકાસ માટે કાર્યરત છે. મહિલાઓનું સશક્ત નેતૃત્વ વિકસાવવા તથા સમાનતા અને ન્યાયી હક્કો અપાવવા માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે. ૧૯૯૪ માં સુરેન્દ્રનગર જિલ્લાથી શરૂઆત કરી હાલ સ્વાતિની કામગીરી પાટણ અને મહેસાણા જિલ્લામાં પ્રસરી છે.

ઉદ્દેશ્ય

૧. ગ્રામિણ મહિલાઓનાં નેતૃત્વ હેઠળ સ્વાયત સંગઠનો ઉભાં કરવાં, જેથી તેઓ તેમના વિકાસની દિશા પોતે નક્કી કરી શકે.

૨. મહિલાઓને થતા અન્યાય અને તેમના વિરુધ્ધ થતી હિંસા અટકાવવી અને આ તરફ ગ્રામ પંચાયતોનું ધ્યાન દોરી સારી શાસન વ્યવસ્થા માટે સજાગ કરવા.

૩. નાગરિકોની સક્રિય ભાગીદારીથી માહિતી અધિકારનો ઉપયોગ કરાવી સરકારને ભ્રષ્ટાચાર નાબૂદી અને પારદર્શક વહીવટ માટે જવાબદેહ બનાવવી.

૪. હિમાયત અને એક્શન રીસર્ચના આધારે મહિલા હિંસા વિરૂધ્ધના કાયદાઓનું અસરકારક અમલીકરણ કરાવવું અને મહિલાઓ સાથે થતી હિંસાને રોકવી.

શરૂઆતના તબક્કે અમે મહિલાઓના માત્ર સામાજિક-આર્થિક વિકાસ દ્વારા તેમનું જીવન ધોરણ સુધારવાનો પ્રયાસ કર્યો. પાયાની જરૂરીયાતો જેવીકે પાણી, આરોગ્ય વગેરે પર ધ્યાન આપ્યું. પણ જેમ અમે આ મુદ્દે સક્રિય થતા ગયા તેમ મહિલાઓ વિરુધ્ધના અત્યાચારો જ મહિલાઓની પ્રગતિમાંની સૌથી મોટી અડચણ હોવાનો અહેસાસ થવા લાગ્યો. અમને લાગ્યુ કે જ્યાં સુંધી આ અડચણ દુર કરવા માટે કોઇ સક્રિય પ્રયાસો નહી કરીએ ત્યાં સુંધી મહિલા સશકિતકરણ એ માત્ર એક સવપ્ન બની રહેશે. અમે એવી ધારણાના આધારે કાર્ય કરી રહ્યા છીએ કે મહિલા હિંસા એક જટિલ સમસ્યા છે અને એટલે તેનો સામનો પણ બહુ પરિમાણીય કાર્યપધ્ધતિથી જ થઇ શકે.

સ્વાતિ તેના કાર્યનો વ્યાપ વધારવા માટે મહિલા સશકિતકરણ ઉપરાંત મહિલા પ્રજનન આરોગ્ય માટે હિમાયત, માહિતી અધિકાર, મહિલાઓ સાથે થતી હિંસાના ક્ષેત્રે સંસ્થાઓ તથા હિતધારકો સાથે ક્ષમતાવર્ધન અને સામૂહિક કાર્યક્રમો માટે સંકલન કરીને કામગીરી કરે છે. સ્વાતિએ કામગીરીના વ્યાપની સાથે આ વિષયોમાં અભ્યાસ, દસ્તાવેજીકરણ અને સંલગ્ન સાહિત્ય પણ બહાર પાડયું છે.

## ગામમાં લખાવવા માટેના સ્ત્રી હિંસા વિરોધી સૂત્રો

સ્ત્રીને આશા નહી, અધિકાર આપીએ

સ્ત્રીને દેવી નહીં માનવ ગણો

હિંસા મુક્ત જીવન સૌનો અધિકાર છે

ઘર ઘર દીપ જલાના હૈ, ભેદ ભાવ મિટાના હૈ

એક પ્રતિજ્ઞા લેવી છે, સ્ત્રી હિંસા નાબુદ કરવી છે.

એક દો તીન ચાર, મહિલાઓને આપો માન - ચાર પાંચ છ સાત, હિંસાને મારો લાત

જે ઘરમાં મહિલાનું માન – તે ઘરે છે સુખ બિરાજમાન

જે ઘરમાં મહિલાનું માન, તે ઘરનાને આપો માન

પંચાયતનો જો હોય સહકાર, સ્ત્રી હિંસા મુક્ત થાશે ગામ

સરપંચનો હોય સહકાર, સ્ત્રી હિંસાથી મુક્ત બને ગામ

સ્ત્રી હિંસાથી મુક્ત ગામ, જગમાં થાશે આપણું નામ



## સ્થાનિક મહિલા સંસ્થાઓના સંપર્ક સરનામાં

## પોલિસ, કાનૂની અને સ્વાસ્થ્ય સેવાના સંપર્ક સરનામાં